P.R.O

# જાહેરનામું

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ -૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ હુકમ

નં.વિશા/એ સેકશન/પરમીટ/ ૧૦૯ /૨૦૧૭
પોલીસ કમિશનરની કચેરી, વિશેષ શાખા,
શાહીબાગ, અમદાવાદ શહેર. તા. ૪.૧૨.૨૦૧૭

**સુધારા જાહેરનામું :-**

અત્રેથી જાહેરનામાં ક્રમાંક નં.વિશા/એ સેકશન/પરમીટ/૧૦૪/૨૦૧૭, તા.૧૮.૧૧.૨૦૧૭ થી પ્રસિધ્ધ કરેલ છે. સંયુક્ત મુખ્ય નિર્વાચન આધિકારીશ્રી, ગુ.રા. ગાંધીનગરના પત્ર ક્રમાંક :ઇએલસી-૧૦૨૧૭-ECI-528(2)-છ, તા.૧૯/૧૧/૨૦૧૭ થી આપેલ સુચના મુજબ અત્રેથી બહાર પાડેલ ઉપરોક્ત જાહેરનામામાં નીચે મુજબનો ઉમેરો કરવામાં આવે છે.

"મતદાન પુરૂ થવાના સમયની તુરંત પહેલાનાં ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન ઘેર-ઘેર ફરીને પ્રચાર કરવા પર પ્રતિબંધ નથી, પરંતુ આ સમયગાળા દરમ્યાન ચૂંટણી પ્રચાર માટે ઘેર-ઘેર મુલાકાત દરમ્યાન એક સાથે વધુમાં વધુ પાંચ વ્યક્તિઓ જઇ શકશે અને સદર સમય દરમ્યાન પક્ષનાં કાર્યકરો/નેતાઓ જેનાં પર પક્ષનું પ્રતિક હોય તેવી ટોપી, મફલર પહેરી શકશે, પરંતુ તેઓ બેનર્સ પ્રદર્શિત કરી શકશે નહી."

આ સિવાયની અન્ય બાબતો અગાઉ તા.૧૮/૧૧/૨૦૧૭ ના પ્રસિધ્ધ કરેલ જાહેરનામાં મુજબની યથાવત રહેશે.

આ હુકમ અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારને લાગું પડશે.

આ હુકમની બહોળી પ્રસિધ્ધિ વર્તમાનપત્રો દ્વારા જાહેર જગ્યાએ ચોંટાડીને, લાઉડ સ્પીકર તેમજ આકાશવાણી અને દુરદર્શન દ્વારા કરવાની રહેશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સ્પેશિયલ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે આઇ.પી.સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૪ માહે ડિસેમ્બર સને-૨૦૧૭ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

પોલીસ કમિશનર અમદાવાદ શહેર

(એ. કે. સિંઘ )
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

નકલ સવિનય રવાના:-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી ગુ.રા.ગાંધીનગર.
(૩) પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર.
(૪) મ્યુનિસિપલ કમિશનરશ્રી અમદાવાદ શહેર.
(૫) કલેકટરશ્રી અમદાવાદ/જીલ્લા ચૂંટણી અધિકારી અમદાવાદ શહેર/ગાંધીનગર.
(૬) નિયામકશ્રી માહીતી ખાતુ ગુ.રા.ગાંધીનગર.
(૭) રજીસ્ટ્રારશ્રી હાઈકોર્ટ અમદાવાદ
(૮) રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ અમદાવાદ
(૯) રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ મીરજાપુર અમદાવાદ